એપ્રિલ ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ

## બીજાના માટે કરી છૂટવું

અનુક્રમણિકા


૩ દાદાજી કહે છે...
૪ આ તો નવી જ વાત !
૬ પૂણ્યશાળી કોણ ?
૯ સર્કસ
૧૨ ચાલો રમીએ...
૧૪ ઐતિહાસિક ગૌરવગાથા
૧૭ તમારી જાતને ચકાસી જુઓ
૧૮ મીઠી યાદેં
૧૯ GNC કે ની ઝલક


## સંપાદકીય

બાળમિત્રો,

તમે તમારા દાદા-દાદીને કે નાના-નાનીને જોયા હશે. તેઓ હંમેશા આડોશ-પોડોશમાં કે સગા-વહાલામાં કોઈને પણ જરૂર વખતે અચૂક મદદ કરતા હોય છે. મદદ કરતી વખતે તેઓ ક્યારેય મારું-તારું જોતા નથી. શું આપણે આવું કરી શકીએ છીએ? વિચારીએ તો ખરાં.

બીજા માટે કરી છૂટવાની ભાવનાવાળા લોકો કેવા હોય છે? એના માટે જોઈતી નોબિલિટી કવી રીતે આવે? આવું જીવન જીવવાથી આપણને શું ફાયદો થાય છે? વગેરેની સુંદર સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ આપી છે, જે સાદા દ્રષ્ટાંતો સાથે આ અંકમાં મૂકાઈ છે.

તો આવો, સરસ મજાનો આ અંક વાંચીએ અને આપણે પણ આપણા જીવનમાં બીજાને મદદરૂપ થઈએ એ રીતે જીવીએ.


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૮
સળંગ અંક :૬૮
એપ્રિલ ૨૦૧૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.





-ડિમ્પલ મહેતા

# દાદાજી કહે છે.....

<u>પ્રશ્નકર્તા :</u> મનુષ્ય જન્મની વિશેષતા શું ?

<u>દાદાશ્રી :</u> મનુષ્ય જીવન પરોપકાર માટે છે. પરોપકાર એટલે મનનેય પારકાં માટે વાપરવાનું, વાણીયે પારકાં માટે વાપરવાની અને વર્તનેય પારકાં માટે વાપરવાનું ! જે બીજાના માટે કરી છૂટે એને ઘેર શું રહે ?

<u>પ્રશ્નકર્તા :</u> લાભ તો મળે જ ને !

<u>દાદાશ્રી :</u> લોકો તો પોતાના જ સુખમાં રહ્યા છે. બીજાને સુખ થાય તો મને સુખ થાય, એવી બધી વાત જ છૂટી જવા માંડી છે. બીજાના સુખે સુખી છું એવું બધું ઊડી ગયું આપણે ત્યાં અને પોતાના સુખમાં જ કે મને ચા મળી ને એટલે ચાલ્યું, કહેશે. ભગવાન કહે છે કે મન-વચન-કાયાનો ઉપયોગ બીજા માટે વાપર. પછી તને કંઈ પણ દુઃખ આવે તો મને કહેજે. બીજાને કંઈ પણ આપો ત્યારથી જ પોતાનો આનંદ શરૂ થાય છે. પણ લોકો તો એમ જ જાણે ને કે હું આપું તો જતું રહે મારું.

દૈવીગુણ કોને કહેવાય ? તારું એ તારું અને મારું એય તારું, પરોપકારી હોય એ પોતાનું હોય, તેય બીજાને આપી દે. તમે દસ વખત આ ભાઈનું નુકસાન કરો તોય એ ભાઈ તમારું કામ હોય તે ઘડીએ તમને 'હેલ્પ' કરે ! તમે ફરી એમને નુકસાન કરો તોય તમારે કામ હોય તે ઘડીએ તમને હેલ્પ કરે. એમનો સ્વભાવ જ હેલ્પ કરવાનો છે. એટલે આપણે જાણવું કે આ ભાઈ 'સુપર હ્યુમન' છે.

તમે અત્યારે કોઈનું દિલ ઠારો તો એનું ફળ તો આવશે જ. એની સો ટકા ગેરન્ટી લેખ લખી આપુ. મારો ધંધો જ એ છે કે 'સુખની દુકાન' કાઢવી. આ ભઈ મને મળ્યા અને જો એમને લાભ ના થાય તો કામનું શું ? જગતનું કામ કરશો ત્યારે તમારું કામ એમ ને એમ થયા કરશે ને ત્યારે તમને અજાયબી લાગશે.



ધર્મની શરૂઆત જ ઓબ્લાઈઝિંગ નેચરથી થાય છે. ઓબ્લાઈઝિંગ નેચર એટલે બીજા માટે કંઈ કરી છૂટવાનો સ્વભાવ.

# આ તો નવી

બહારથી ઓછું થાય તો વાંધો નહીં, પણ અંદરનો ભાવ તો હોવો જ જોઈએ કે મારી પાસે પૈસા છે, તો મારે કોઈના દુઃખને ઓછું કરવું છે. અક્કલ હોય તો મારે અક્કલથી કોઈને સમજણ પાડીને પણ એનું દુઃખ ઓછું કરવું છે. પોતાની પાસે જે સિલ્લક (મૂડી) હોય તેનાથી હેલ્પ કરવાની.





આ લાઈફ જો પરોપકાર માટે જશે તો તમને કશીય ખોટ નહીં આવે, કોઈ જાતની તમને અડચણ નહી આવે. તમારી જે જે ઈચ્છાઓ છે તે બધી જ પૂરી થશે.

આ જગતનો કુદરતી નિયમ શું છે કે તમારા પોતાનાં ફળ બીજાને આપો તો કુદરત તમારું ચલાવી લેશે.





## વાત !

આંબો પોતાની કેરી કેટલી ખાઈ જતો હશે ? એના ફળ, લાકડાં-પાંદડા બધું પારકાં માટે જ વપરાય છે ને ! તેનું ફળ એ ઉર્ધ્વગતિને પામ્યા કરે છે.

## જ

પરોપકાર કરનાર સામાની સમજણ જોતો નથી. આંબો જુએ છે કે એનું ફળ ખાનાર લુચ્ચો છે કે સારો છે ? આવું જીવન જીવવાથી એ જીવોની ધીમે ધીમે ઉર્ધ્વગતિ થાય.



# પુણ્યશાળી કોણ ?

''જય, દાદીને આ જમવાની થાળી આપી આવ તો બેટા'' મમ્મીએ રસોડામાંથી બુમ પાડી.


''મમ્મી, પણ મારા મિત્રો મારી રાહ જુએ છે. નીલમ કે રૈના દીદીને કહે ને !'' જય અકળાઈને બોલ્યો.

''આટલું નાનું કામ કરતાં પણ તને જોર આવે છે ?'' મમ્મીનો અવાજ થોડો કડક થઈ ગયો.

''સારું, આપી આવું છું. ગુસ્સે ના થઈશ. ખરેખર, દાદી કેટલા લકી છે કે આખો દિવસ લોકો એમની સેવામાં હાજર જ હોય છે'' જય કટાક્ષમાં બોલ્યો.

જયને થાળી આપતા મમ્મી બોલી, ''બેટા, લકી તો આપણે છીએ કે આપણે એમના માટે કંઈક કરી શકીએ છીએ. જેને બીજા માટે કંઈક કરી છૂટવાનો મોકો મળે છે એ પુણ્યશાળી કહેવાય.''

જય મમ્મીની વાતથી સહમત નહોતો પણ એણે કોઈ દલીલ કરી નહીં. છ મહિનાથી દાદી એના ઘરે રહેતા હતા. આમ તો એ એના સગા દાદી નહોતા, પાડોશમાં રહેતા હતા. તેઓ એકલા જ રહેતા હોવાથી જયના મમ્મી-પપ્પા એમની દેખભાળ રાખતા હતા. પણ જ્યારથી દાદીની તબિયત ખરાબ રહેવા લાગી ત્યારથી મમ્મી-પપ્પાએ આગ્રહ કરી એમને પોતાના ઘરે જ રહેવા બોલાવી લીધા. અને ત્યારથી જયને પણ દાદીનું નાનું મોટું કામ કરવું પડતું. જે એને હમેંશા ખૂંચતું. મોકો મળે તો એ હંમેશા કામમાંથી છટકવાની કોશિશ કરતો.



દાદીને ફટાફટ થાળી આપી એ એના મિત્રો સાથે ક્રિકેટ રમવા માટે દોડ્યો. ગેમ સરસ ચાલી રહી હતી. અચાનક એક કેચ પકડવા જયે કુદકો માર્યો અને 'ધાડ' દઈને જમીન પર પડ્યો. કેચ તો પકડાયો પણ પગમાં સખત મચકોડ આવી ગઈ. ડોક્ટરે પાટો બાંધી આપ્યો અને એક અઠવાડિયા સુધી પલંગમાં પગ ઊંચો રાખીને સૂતા રહેવાની સલાહ આપી.

પગમાં પાટો બંધાયેલો હતો એનાથી તો જય ખુશ નહોતો. પણ આખું અઠવાડિયું એને કોઈના માટે કશું જ કામ નહોતું કરવાનું, ઉલટું ઘરના લોકો એનું કામ કરશે, એમ વિચારીને એને ખૂબ મજા આવતી હતી.

થોડી વાર રહીને મમ્મી એના રૂમમાં આવી, ''બેટા, કંઈ લઈ આવું તારા માટે ?''

''હમમ.. કોલ્ડ કોફી વિથ આઈસ્ક્રીમ'' જયે થોડું વિચારીને પોતાની ફરમાઈશ રજુ કરી. થોડી વાર રહીને જયને પોતાની ફેવરિટ કોમિક બુક વાંચવાનું મન થયું. એણે મમ્મીને જોરથી

બુમ પાડી, ''મમ્મી!!!!!!''

નીલમ દોડતી દોડતી એના રૂમમાં આવી, ''શું થયું જય?''

''ટેબલ પરથી મને કોમિક બુક આપ.'' જયે ઓર્ડર કર્યો.


બે-ત્રણ દિવસ જયે પોતાને મળતી રાજાશાહી ટ્રીટમેન્ટનો આનંદ માણ્યો. પણ અંતે એ કંટાળી ગયો. બધી વાતોમાં મદદ માંગવાની એને પરવશતા સાલવા લાગી.

અને એક દિવસ નીલમ અને દીદીની વાતચીત કાને પડતા જયની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા. દીદી અને નીલમને જયનું કામ કરવાનો કંટાળો આવી રહ્યો હતો અને તેઓ એકબીજાને માથે એ કામ ઢોળી રહ્યા હતા. પહેલા તો જયને દીદી અને નીલમ પર સહેજ ગુસ્સો આવ્યો, ''મારું આટલું અમથું કામ કરવાનો એમને કંટાળો આવે છે ? કેટલા મતલબી છે.'' પણ પછી, અચાનક એને વિચાર આવ્યો, 'મેં પણ તો આવું જ કર્યું હતું. દાદીનું કામ કરવાનો મને પણ કંટાળો જ આવતો હતો ને ! જો દાદીને પણ મારા અણગમાનો ખ્યાલ આવ્યો હશે તો એમને પણ કેટલું બધું દુઃખ થયું હશે.'' આજે જયને અહેસાસ થયો કે કોઈના માટે કામ કરતી વખતે મન બગાડીએ તો સામાને કેટલું દુઃખ પહોંચે. દાદી માટે દિલથી કામ નહીં કરવાનો એને પસ્તાવો થયો.

ઘણા દિવસોથી પપ્પા, બાળકોની આવી મતલબી વર્તણુકનું નિરીક્ષણ કરી રહ્યા હતા. દાદી માટે કામ કરવાનું હોય કે પછી ઘરમાં એકબીજાની કંઈ પણ મદદ કરવાની હોય, બાળકોને હંમેશા જોર જ આવતું.

એક રાત્રે બધાજ જ્યારે જયના રૂમમાં એને કંપની આપવા બેઠા હતા, ત્યારે પપ્પાએ અચાનક નીલમને પૂછયું, ''નીલમ, તું તારી સૌથી પ્રિય ચીજ કોઈને આપે તો તને કેવું લાગે?''

પપ્પા પાસેથી આવો અણધાર્યો પ્રશ્ન સાંભળી નીલમ તરત બોલી, ''પણ પપ્પા, પહેલી વાત તો એ કે હું



મારી પ્રિય ચીજ કોઈને આપું જ નહીં તો પછી કેવું લાગવાનો સવાલ જ ક્યાં છે ?''

મોઢા પર આછી નિરાશા સાથે પપ્પાએ સહેજ માથું હલાવ્યું. મેગેઝિન ટેબલ પર મૂકી, ખુરશી પર જ એમણે પલાઠી વાળી અને બોલ્યા, ''આજે મેગેઝિનમાં એક સરસ મજાની વાત વાંચી...

અમેરિકામાં એક ખેડૂતને દર વર્ષે ઉત્તમ મકાઈનો પાક ઊગાડવા બદલ ઈનામ મળતું. પણ દિલચસ્પ વાત તો એ છે કે એ ખેડૂતની સૌથી સારો પાક ઊગાડવાની રીત એ હતી કે એની મકાઈના બી એ એના ભાઈબંધુ અને પાડોશીઓને વહેંચતો. એક રિપોર્ટરને ખેડૂતની આ રીત જાણી નવાઈ લાગી. એણે પેલા ખેડૂતને પૂછ્યું, ''તને ક્યારેય એવો ડર નથી લાગતો કે તું તારા સૌથી ઉત્તમ મકાઈના બી તારા પાડોશીઓને આપી દઈશ તો તારું ઈનામ એમને મળી જશે ?''

ખેડૂતે જવાબ આપ્યો, ''કેમ સાહેબ, તમને ખબર નથી કે વાયુ, પાકી મકાઈના કણ ઉપાડી એક ખેતરમાંથી બીજા ખેતરમાં વેરે ? જો મારા પાડોશીઓ ખરાબ મકાઈ ઊગાડશે તો ધીમે ધીમે આ નિયમના આધારે મારી મકાઈનો પાક પણ બગડતો જશે. જો મારે સારો પાક ઊગાડવો હોય તો મારે મારા પાડોશીઓનો પણ પાક સારો થાય એ એટલું જ મહત્વનું છે. અને એ માટે મારે એમને બનતી મદદ કરવી જ જોઈએ.''

આટલી વાત કહી પપ્પા થોડું થોભ્યા. પછી બાળકોની સામે જોઈ કહ્યું, ''આપણને હંમેશા એવું લાગે કે આપણે બીજાને કંઈ પણ આપીએ તો આપણું જતું રહેશે. પણ ખરેખર તો બીજાને આપીએ કે બીજા માટે કંઈ પણ કરી છૂટીએ ત્યારથી જ ખરા સુખની શરૂઆત થાય છે. પેલા ખેડૂતની જેમ આપણે પણ આપણા ફળ બીજાને આપીએ તો આપણને આપણા ફળ મળ્યા જ કરશે. પણ કેવળ પોતાના જ સુખનો વિચાર કરીએ અને બીજા માટે દરકાર પણ ના કરીએ તો આપણને ક્યારેય પણ સાચું સુખ પ્રાપ્ત નહીં થાય.''



આમ તો જયને પોતાની ભૂલનો ખ્યાલ આવી જ ગયો હતો પણ પપ્પાની વાત સાંભળી એને દિલથી પોતાની ભૂલને સ્વીકાર થયો અને મનોમન એણે દાદીની માફી માંગી.


બીજા દિવસે જ્યારે પગનો પાટો ખુલ્યો ત્યારે સૌથી પહેલા એ દોડતો દોડતો મમ્મી પાસે ગયો, ''મમ્મી, દાદી માટે જમવાની થાળી તૈયાર હોય તો હું એમને આપી આવું ?''

''બેટા, હું તો તને નહોતી કહેવાની. હજી તારે પગને થોડો આરામ નથી આપવો ?''


જયે માથું ધુણાવી 'ના' પાડી અને મોઢા પર આછા સ્મિત સાથે બોલ્યો, ''મમ્મી, તું સાચું જ કહેતી હતી. આખું અઠવાડિયું સૌની મદદ લઈને હવે મને ખબર પડી કે લકી તો ખરેખર હું જ છું કે બીજા માટે કંઈક કરી શકું છું.''

પ્રેમથી મમ્મીએ જયના માથે હાથ ફેરવ્યો અને દાદી માટે જમવાની થાળી તૈયાર કરી એને આપી.

# સર્કસ



આજે અભયનું ચિત્ત ભણવામાં જરાય ચોંટતું જ નહોતું. અને ચોંટે પણ ક્યાંથી ? આટલી બધી રાહ જોયા પછી, છેવટે આજે એ દિવસ આવ્યો હતો.
આ ક્લાસ ક્યારે પતશે ?
સ્કૂલ પછી, જાણે વાઘ પાછળ પડ્યો હોય એમ અભય દોડ્યો,
અરે અભય ! આજે આટલી બધી ઉતાવળ કેમ કરે છે ઘરે પહોંચવાની ?
દોસ્ત ! આજે હું આરુષ સાથે સર્કસ જોવા જવાનો છું.
ટિકિટ બારીની લાઈનમાં, આરુષ અને અભય આગળ એક ફેમિલિ હતું. મમ્મી પપ્પા સાથે, એમના ત્રણ બાળકો આવેલા.
સ્કૂલમાં મારા ફ્રેન્ડે મને કહ્યું કે સળિયાવાળી એક્શન જોરદાર છે.
મને તો લાગે છે કે પ્રાણીઓની એક્શન બેસ્ટ હશે.
મારે તો જોકર જોવા છે. એમાં સૌથી વધારે મજા પડશે.
ભાઈ ! આ બાળકોને જોઈને લાગે છે કે તેઓ પહેલી વાર સર્કસ જોવા આવ્યા છે.
ખરેખર, કેવા આનંદમાં દેખાય છે !


ત્યાં તો એ બાળકોના ફાધરનો નંબર આવ્યો.
ત્રણ બાળકો અને બે મોટાઓની ટિકિટ પ્લીઝ.
ચારસો રૂપિયા
કેટલા કહ્યા ? ચારસો ?
હા
ઓહ ! મને તો એમ કે....
અને ફાધરે એમનું વાક્ય ત્યાં જ અધૂરું છોડી દીધું....
હવે શું કરું ? બાળકોને નિરાશ કરવાની હિંમત ક્યાંથી લાઉં ?
અભય અને આરુષને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. અભયે આરુષને કાનમાં કંઈક કહ્યું.
આરુષે ધીમે રહીને સો રૂપિયાની નોટ પોતાના ખિસ્સામાંથી કાઢી અને નીચે જમીન પર પાડી.
પછી નીચે નમીને અભયે નોટ લીધી અને બાળકોના ફાધરને ધરી.


એક્સક્યુઝ મી સર, આ તમારા પૈસા નીચે પડી ગયા હતા.
મારા પૈસા ? ના હોય.
હા સર. તમે હમણાં ખીસામાંથી પૈસા કાઢ્યા ત્યારે આ પડી ગયા હતા. આ તમારા જ છે.
થેંક યુ બેટા. દિલથી તમારો આભાર માનું છું.
એ કુટુંબ સર્કસ ગ્રાઉન્ડની અંદર જાય ત્યાં સુધી આરુષ અને અભયે રાહ જોઈ.
ચાલ, હવે નીકળીશું ?
અને અભય અને આરુષ ઘરે જવા નીકળ્યા. ટિકિટ ખરીદવા માટે હવે એમની પાસે પૂરતા પૈસા નહોતા.
ખુબ જ તત્પરતા હોવા છતાં એ રાત્રે અભયે સર્કસ ના જોયું. પણ સર્કસ ગ્રાઉન્ડની અંદર જઈ રહેલા પેલા ત્રણ બાળકોના હસતા ચહેરા યાદ આવતા અને તેને અંદર અનેરું સુખ ઉભરાતું. એ સુખ સર્કસ જોયાના સુખ કરતા અનેક ગણું વધારે હતું !

# ચાલો રમીએ...

**૧** ચાલો શબ્દોની રમત રમીએ. અહીં આપેલ અક્ષરો માંથી કોઈ પણ ચાર શબ્દો બનાવો. એ ધ્યાન રાખવાનું છે કે વચ્ચે આપેલ અક્ષરને દરેક શબ્દમાં વાપરવાનો રહેશે.

1. વચ્ચે: ક — ર, કા, મ, ડી, સા, નો
2. વચ્ચે: જ — વ, ન, લ, કા, ભો, પૂ
3. વચ્ચે: પા — વે, ખ, ટી, રી, ચો, સો
4. વચ્ચે: ત — ર, કા, ચે, સા, ન, વે
5. વચ્ચે: દ — આ, ચા, મો, મ, ર, ક
6. વચ્ચે: ગ — મ, જ, ભ, ત, ન, ગ
7. વચ્ચે: ક્ષ — મ, સ, ર, ણ, લ, ભ
8. વચ્ચે: ચ — અ, સં, પા, વ, ન, ળ

## ૨ દર્શાવેલ પ્રાણીને ઓળખીને, તેને નામ આપો.

૧



- ગોરીલા
- હિપોપોટેમસ
- ભૂંડ
- ઘેટું

૨



- શિયાળ
- દેડકો
- મગર
- કૂતરો

૩



- ઉંદર
- મગર
- ગોરીલા
- હંસ

## ૩ અહીં આપેલા ચાર ચિત્રોમાંથી એકદમ જુદું તરી આવતું કોઈ એક ચિત્ર શોધી કાઢો.

૧




૨




૩



૪



# ઐતિહાસિક ગૌરવગાથા



આ એ કાળની વાત છે જ્યારે મહાન આચાર્ય હરિભદ્રસુરજીની જ્ઞાન-સાધના ખૂબ વિસ્તાર પામી હતી. સુરજીના ધર્મોપદેશથી અનેક માનવીઓ ધર્મ-ભક્ત બની ગયા હતા અને અનેકો ધર્મના માર્ગે વળ્યા હતા. સુરજીના ધર્મોપદેશથી પ્રેરણા મેળવીને અનેક માનવીઓ ધર્મનું અને લોકસેવાનું અનુસરણ કરવા લાગ્યા હતા.

સૂરીજીના ઉપાસકોમાં લલ્લીગ નામે એક શ્રાવક હતો. એને ધર્મ ઉપર જેવો પ્રેમ હતો એવી જ એને ગુરુ ઉપર આસ્થા હતી. ગુરુવચનને એ સદા શિરોમાન્ય કરતા અને ગુરુની સેવા માટે સદાય તત્પર રહેતો.

લલ્લીગની આર્થિક સ્થિતિ સાવ સામાન્ય હતી. આજે રળે અને કાલે ખાય એવી. અને ક્યારેક તો આખો દિવસ તનતોડ મહેનત કરવા છતાં પેટપૂરતુંયે ના મળી રહે. કુટુંબનું ભરણ પોષણ કેવી રીતે કરવું એની ચિંતા એને ખૂબ રહ્યા કરતી. કુટુંબનો નિર્વાહ કરવા માટે એ ભારે પરિશ્રમ ઉઠાવતો. કોઈ કહેશે કે અમુક કામ કરવાથી લાભ મળશે તો લલ્લીગ તૈયાર. એ પોતાની બધી શક્તિ એની પાછળ લગાવી દે. પણ ભાગ્ય જાણે એનાથી રૂઠી ગયું હતું કોઈ પણ કામમાં એને સફળતા મળતી નહોતી.

આમ ભારે ભીંસ વચ્ચે એનું જીવન ચાલી રહ્યું હતું. છતાંય એની ધર્મશ્રદ્ધા અને ગુરુભક્તિમાં જરાય ઓછપ આવી નહોતી. ઉલટું જેમ જેમ ભાગ્ય અવળું થતું હતું, તેમ તેમ એના અંતરમાં જાણે ભરતી આવતી હતી. જરાય નિરાશ થયા વગર એ પોતાના પ્રયાસો ચાલુ રાખતો. એની સ્થિતિ ભલે દરિદ્ર હતી પણ એનું દિલ દરિદ્ર નહોતું. એ તો દરિયા જેવું વિશાળ હતું. એના મનમાં તો લોકસેવા અને ધર્મમાં લક્ષ્મી ખર્ચવાના ખુબ મનોરથો જાગતા.

આમ ને આમ કાળ વહી રહ્યો હતો. એક વખત એની શ્રદ્ધા, ભક્તિ અને પ્રયાસો સફળ થયા અને એના ભાગ્યનું પાંદડું ફરવા લાગ્યું. લલ્લીગનો વેપાર એવો જામ્યો કે એક મોટા શ્રીમંત વેપારી તરીકે એની ગણના થવા લાગી. લોકસેવા અને ધર્મ માટે અનેક સત્કાર્યો કરવા માટે સેવેલા સ્વપ્નાઓ પૂર્ણ કરવા હવે એની પાસે અખૂટ ધન હતું. અને ધનનો પ્રવાહ એ સત્કાર્યો તરફ વાળવા લાગ્યો.

લલ્લીગે સાંભળેલું કે ધર્મપુસ્તકો લખાવવા એ મહા

પુણ્યનું કામ છે. એના ગુરુ હરિભદ્રસૂરીજી ભારે વિદ્વાન અને સમર્થ શાસ્ત્રકાર હતા. એમનો ઘણો સમય શાસ્ત્રોનું સર્જન કરવામાં જ જતો. લલ્લીગે ગુરુના શાસ્ત્રસર્જનના કાર્યમાં મોકળા મને ધન ખર્ચવા માંડ્યું. એને થતું, તીર્થંકરની ગેરહાજરીમાં, ગુરુની વાણી જ આપણને ધર્મનો સાચો રાહ બતાવે છે. એટલે એમની વાણીનું જતન કરવું અને એનું સર્જન કરાવવું એ પ્રત્યેક શ્રાવકનો ધર્મ ગણાય.


અને આમ, લલ્લીગની ભાવના વધુ ને વધુ ઉત્કૃષ્ટ બનતી જતી. એક બાજુ ધનની વૃદ્ધિ થતી તો બીજી બાજુ નવાં નવાં સત્કાર્યો કરવા તરફ એનું મન દોડ્યા કરતું.

એકવાર એનો ખબર પડી કે શાસ્ત્રસર્જનના કાર્ય માટે ગુરુજીને દિવસનો સમય ઓછો પડે છે. અને તેથી રાત્રિના સમયનો ઉપયોગ કર્યા વગર ધાર્યું કામ પાર પાડવું શક્ય નથી. પરંતુ આચાર્ય મહારાજે તો પંચમહાવ્રત ધારણ કર્યું હોય ! તેથી રાત્રિના સમયે પ્રકાશનો ઉપયોગ કેવી રીતે કરી શકે ?

લલ્લીગને થયું, 'એવો તો શું ઉપાય કરું કે સુરજી માટે ઉપાશ્રયમાં નિર્દોષ પ્રકાશની વ્યવસ્થા થઈ શકે ! આની પાછળ મારું ગમે તેટલું ધન ખર્ચાય તો હું તૈયાર છું.'

અને એક દિવસ એના જાણવામાં આવ્યું કે અમુક પ્રદેશમાં એક પ્રકારનું વિશિષ્ટ રત્ન મળે છે, જે રાત્રે દિપકની જેમ પ્રકાશ આપે છે. બસ, પછી તો શી વાર ? લલ્લીગે એ અમૂલ્ય રત્ન લાવીને આચાર્ય મહારાજની સેવામાં ધરી દીધું. એ રત્નથી ઉપાશ્રયનો ખૂણે-ખૂણો પ્રકાશથી ઝળહળી ઉઠ્યો. અને એ પ્રકાશમાં સૂરીજીનું શાસ્ત્રરચનાનું કામ વેગપૂર્વક ચાલવા લાગ્યું.

રત્નની જેમ, લલ્લીગની ભાવનાનો પ્રકાશ પણ પ્રસારવા લાગ્યો. લોકો પણ એની ભાવનાની





પ્રશંસા કરવા લાગ્યા. લલ્લીગની ભાવનામાં ભરતી આવતી જ રહી. એ તો એટલું જ વિચારતો, "આ સંજોગો અને સંપત્તિ મળી છે તો એનો જેટલો સદઉપયોગ થાય એટલો કરવો. આવો ધર્મ અને આવા સદ્‌ગુરુનો સંજોગ વારે વારે મળતો નથી.

એક વેળા લલ્લીગે સૂરીજી પાસેથી આતિથ્યનો મહિમા સાંભળ્યો કે, અતિથિ તો આંગણે પધારેલા દેવ કહેવાય. બસ, લલ્લીગનું મન એ માર્ગે દોડવા માંડ્યું. એણે રસોડું શરૂ કર્યું. જેટલા વધુ અતિથિ આવે એટલો લલ્લીગને વધુ આનંદ થવા લાગ્યો.

એને થયું, "ભોજન સમયે આપણે જમીએ ત્યારે ગામનો કોઈ પણ માણસ ભોજન વગર રહે, તો એનો દોષ આપણને લાગે." એથી એણે ભોજન સમયે, ગામના અને પરગામથી આવતા સૌ કોઈ અતિથિઓ, સાધુ-સંતો માટે પોતાના ઘરના દ્વાર ખુલ્લાં મૂકી દીધા. જે કોઈ આવે તેમને, એને ત્યાં આદર અને આહાર મળવા લાગ્યાં.

પછી તો ગામના પાદરેથી કોઈ અતિથિ ભૂખ્યો ન જાય એ લલ્લીગનું જીવનવ્રત બની ગયું. લલ્લીગનું આંગણું અતિથિગૃહ બની ગયું. એના આંગણે ભોજન સમયે દરરોજ સેંકડો માનવીઓની ભીડ ઉમટતી.

ભોજનથી તૃપ્ત થઈને લોકો લલ્લીગને દુઆ આપતા, ત્યારે લલ્લીગે નમ્રતાપૂર્વક કહેતો, "આ બધો પ્રતાપ ગુરુની કૃપાનો અને એમના ધર્મબોધનો છે. ગુરુનો મારા પર મોટો ઉપકાર છે."

આથી બધાં જમનારાઓ ગુરુ હરિભદ્રની પાસે જઈને, "ઘણું જીવો ભવવિરહસૂરિ" એવો જયજયકાર ગાતા અને બદલામાં ગુરુજી સૌને આશીર્વાદ આપતા. આ દ્રશ્ય જોઈને, ભાવિક લલ્લીગને તૃપ્તિ થતી અને પોતાનું જીવન સફળ થયું એમ લાગતું.

સૌ કોઈ લલ્લીગની ગુરુભક્તિ, ધર્મપ્રેમ અને આતિથ્ય ભાવનાને મનોમન નમન કરતા અને કહેતા : ગુરુભક્તિ અને આતિથ્ય ભાવના હો તો શ્રાવક લલ્લીગના જેવી હોજો.

# તમારી જાતને ચકાસી જુઓ....

## આ અંક વાંચ્યા પછી તમે નીચેની દરેક પરિસ્થિતીમાં નિધિને અ,બ કે ક માંથી શું કરવાની સલાહ આપશો ?

**૧** ***આજે રિસેસ પછી લાઈબ્રેરી પિરીયડ હતો. લાઈબ્રેરીના એક ખૂણામાં સ્તુતિ એકદમ ડિપ્રેસ થઈને બેઠી હતી. આવતી કાલે એની ગણિતની ટેસ્ટ છે. અને એને અમુક દાખલાઓ નહોતા ફાવતા.***

**અ** – લાઈબ્રેરીમાં નવી બુક્સનું કલેકશન આવ્યું હતું, તેથી એ નિધિએ મનપસંદ બુક વાંચવા બેસી જવું જોઈએ.

**બ** – નિધિએ એને દાખલા ગણતા શીખવાડવું જોઈએ.

**ક** – નિધિએ એને ખખડાવવી જોઈએ કે આખી ટર્મ મસ્તી કરે છે અને પછી ટેસ્ટના આગલા દિવસે ડિપ્રેસ થઈને બેસી જાય છે.

**૨** ***નિધિનો લાઈબ્રેરી પછી વિજ્ઞાનનો પિરીયડ હતો. પણ એવા સમાચાર આવ્યા કે પાઠક સર બિમાર છે અને એમને હોસ્પિટલમાં દાખલ કર્યા છે.***

**અ** – નિધિએ સરની નેગેટિવ વાતોમાં જ પિરીયડ પૂરો કરવો જોઈએ.
**બ** – નિધિએ પ્રાર્થના કરવી જોઈએ કે ડોક્ટર એમને આખું વર્ષ બેડરેસ્ટ કરવાની સલાહ આપે અને એમના બદલે કોઈ નવા ટીચર મળી જાય.
**ક** – પાઠક સર જલદી સાજા થઈ જાય એવી એમના માટે ખૂબ દિલથી પ્રાર્થના કરવી જોઈએ.

**૩** ***આજે નિધિની રિયા સાથે ડીબેટ પણ હતી. નિધિનું પરફોર્મન્સ તો સારું હતું. પણ રીયા બહુ જ નર્વસ હતી.***

**અ** – રિયાને નર્વસ જોઈને નિધિએ એને ખૂબ પ્રોત્સાહન આપવું જોઈએ જેના કારણે રિયાને હિંમત આવે.
**બ** – પહેલી વાર નિધિનું પરફોર્મન્સ રિયા કરતા સારું હોવાથી એણે ખુશ થવું જોઈએ.
**ક** – નિધિએ એવો ભાવ કરવો જોઈએ કે રિયા હવેથી ક્યારેય ડીબેટમાં ભાગ ન લે તો સારું.

જવાબ : ૧ - ક, ૨ - ક, ૩ - અ



# મીઠી યાદેં

સાલ ૨૦૦૩ની વાત છે. અડાલજ ખાતે અપરિણિત બહેનોની બ્રહ્મચર્યની શિબિર ગોઠવાયેલી હતી. એક બ્રહ્મચારી બહેનને શિબિર માટે બહારગામથી અડાલજ આવવાનું હતું. આ પહેલા એણે ક્યારેય એકલા મુસાફરી કરી નહોતી તેથી એણે પોતાની મમ્મીને સાથે લાવવાની પરમીશન માંગી. પણ આ બાબતે એને પરમીશન મળી નહીં અને એણે એકલા જ શિબિરમાં આવવાનું કહેવામાં આવ્યું.

એ એકલી આવી તો ખરી, પણ શિબિર પૂરી થતાં એને પોતાના ઘરે જલદી પહોંચી જવાની ઉતાવળ થઈ. શિબિર પછી બધી બહેનોએ નીરુમાના દર્શન કરીને નીકળવાનું નક્કી કર્યું. ત્યારે આ બહેનને થયું, 'બીજી બધી બહેનોને તો એક બીજાની સંગત છે, પણ મારે તો એકલા જ જવાનું છે. હમણાં જ તો નીરુમાં સત્સંગ કરીને ગયા છે. તો ફરી દર્શન કરવા જવાનો શું અર્થ છે ?' એકલા જવાનું હોવાથી એને અંદરથી જલદી નીકળી જવાની ઈચ્છા થયા કરતી હતી.

આખરે બધી બહેનો નીરુમાના દર્શન કરવા ગઈ ત્યારે પેલી બહેન પણ એમની સાથે જોડાઈ ગઈ. જ્યારે એનો દર્શનનો વારો આવ્યો ત્યારે નીરુમાએ એને પૂછ્યું, "તું કઈ રીતે જઈશ ? ચિંતા નહીં કરતી. પહોંચી જવાશે હં." નીરુમાનું આ વાક્ય એ બહેનને ખૂબ જ સ્પર્શી ગયું. એમનામાં ખૂબ હિંમત આવી ગઈ. એને થયું, નીરુમાને મારો કેટલો બધો ખ્યાલ છે ! મને વાંધો નહિ આવે. હવે હું રાતના બાર વાગે કે બે વાગે પણ એકલી જઈ શકીશ.'

આમ, નીરુમા બધાની ખૂબ સંભાળ રાખતા હતા. એમના એક જ વાક્યમાં એટલું બધું બળ રહેતું કે સામાનો બધો ભય અને અસલામતી છૂટી જાય અને એનામાં હિંમત આવી જાય.

# પઝલના જવાબો

**૨.**

૧.ઘેટું
૨.કૂતરો
૩.મગર

**૩.**

૧. 
૨. 
૩. 
૪. 

# સીમંધર સીટી GNC Day












Akram Express

April 2014
Year : 6, Issue : 8
Conti. Issue No.: 68

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.